# ભારતીય કિસાન સંઘના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા ભિલોડા કચેરી ખાતે મામલતદારને આવેદનપત્ર અપાયું

## ખેડૂત અને પશુ પાલકોને પોષણ ભાવ મળે અને વર્ષો જુના પડતર પ્રશ્નો સત્વરે હલ થાય તે સંદર્ભે

ભિલોડા,તા.૧૧

ભારતીય કિસાન સંઘના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા ખેડૂત અને પશુપાલકોને તેઓની ઉપજના પોષણક્ષમ ભાવ મળે અને વર્ષો જુના પડતર પ્રશ્નો અને માંગણીઓ સત્વરે હલ થાય તે સંદર્ભે ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદાર ઝેડ.વી.પટેલ ને આવેદનપત્ર અપાયું હતું.



કિસાનો તેઓની સમસ્યાઓ સંદર્ભે ધરણા કર્યા બાદ રેલી કાઢતા પોલીસ સ્ટેશન સામે ભારતીય કિસાન સંઘના હોદ્દેદારો અને કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.

ભારતીય કિસાન સંઘ,અરવલ્લી જીલ્લા પ્રમુખ જીવાભાઈ લટા અને ભિલોડા તાલુકા પ્રમુખ અમૃતભાઈ પી.પટેલ,મંત્રી લખાભાઈ બાલાભાઈ તરાર સહિત હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ખેડૂતોની સમસ્યાઓ સંદર્ભે લેખિત આવેદનપત્ર દ્વારા આંદોલનના શ્રી ગણેશ કરીએ છીએ.આજ દિન સુધી ખેડૂતો બિચારા થઈ ને જીવી રહ્યા છે.કિસાન જાયે તો કહાં જાયે પરંતુ હવે ધીરજ મર્યાદા પુરી થઈ ગઈ છે.

ખેડૂતો અને પશુ પાલકોના અનેક પ્રકારના પડતર પ્રશ્નો અને માંગણીઓ સત્વરે હલ નહીં થાય તો ગાંધીજી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

# ડીસામાં વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને બુસ્ટર ડોઝનો પ્રારંભ



ડીસા, તા. ૧૧

કોરોના વાયરસથી સુરક્ષિત રહેવા કોવિડ-૧૯ વેક્સીનની રસી જ એક માત્ર અમોધ શસ્ત્ર છે, ત્યારે પ્રવર્તમાન પરીસ્થિતિને અનુલક્ષીને રાજ્યમાં ફ્રન્ટ લાઈન વર્કર્સ, હેલ્થૂ વર્કર્સ તથા ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા અને અન્ય બિમારી ધરાવતા વયસ્કોને કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવાનો રાજ્યવ્યાપી આજથી શુભારંભ કરાયો છે.બનાસકાઠા જિલ્લા કલેકટરની સૂચના અને આદેશથી આજે પ્રથમ દિવસના પ્રારંભે જ ફ્રન્ટ લાઈન વર્કર્સ તરીકે મામલતદાર કચેરી ડીસા ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓને બૂસ્ટર બોઝ આપવામાં આવ્યો હતો બનાસકાંઠા જિલ્લામાં અર્બન હેલ્થ સેન્ટર, કોવિડ-૧૯ હોસ્પિટલ સહિત જિલ્લામાં હેલ્થ સેન્ટર ખાતે વેક્સીનેશન કેમ્પ યોજાયાં હતાં. આજે તા.૧૦ મી જાન્યુઆરી, ૨૦૨૨ ને સોમવારના રોજ બપોરે ૦૧:૩૦ સુધીમાં ફ્રન્ટ લાઈન વર્કર્સ, હેલ્થ વર્કર્સ તથા ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા અને અન્ય બિમારી ધરાવતા વયસ્કો સહિત લોકોએ કોરોના વેક્સિન પ્રિકોશન ડોઝનો લાભ લીધો હતો. વેક્સીનનો પ્રિકોશન ડોઝ લીધા બાદ જિલ્લા કલેક્ટરે વિવિધ માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું હતું કે, કોવીડ વેક્સીનના બંન્ને ડોઝ લીધા હોય અને નવ મહિના પૂર્ણ થયા હોય તેવા હેલ્થ વર્કર, ફ્રન્ટલાઈન વર્કર અને સિનીયર સીટીઝન કે જે ૬૦ કોમોર્બિડ લોકો હોય તેવા તમામ લાભાર્થીઓને બુસ્ટર ડોઝ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. અને તેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં આજથી બુસ્ટર ડોઝ વેક્સીનેશનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

# જન્મદિને વધામણી



અતુલ ભાઈ પરમાર
પત્રકાર
મોડાસા



મનહરભાઈ પી.પટેલ
મા. શિક્ષક , આકરુંદ હાઇસ્કુલ
જુની વાસણી તા.બાયડ



કૃષ્ણસિંહ રહેવર
ગાંધીનગર, હિંમતનગર

# ડીસા ફુવારા સર્કલથી ગાયત્રી મંદિર સુધીનું ડિવાઈડર મોડી રાત્રે તોડી પડાયું

## હલકી ગુણવતાનું કામ હોઈ તોડવું પડ્યું : પાલિકા સદસ્ય





ડીસા, તા. ૧૧

ડીસામાં ફુવારા સર્કલથી ગાયત્રી મન્દિર સુધીના રોડ ઉપર બનાવેલ ડિવાઈડરનું કામ હલકી ગુણવતાનું હોઈ તેનો ભારે વિરોધ થયો હતો અને કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ગંધ ગાંધીનગર વિકાસ કમિશનર સુધી પહોંચી જતા આખરે ડીસા પાલિકા દ્વારા આ ડિવાઈડર તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ડીસા ખાતે આવેલ ફુવારાથી ગાયત્રી મંદિર સુધીનો રોડ તાજેતરમાં બનાવવામાં આવ્યો હતો તેમજ રોડની વચ્ચે ડીવાઈડર પણ બનાવવામાં આવ્યું હતું આ રોડ અને ડિવાઈડરમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેમાં પાલિકાના જ એક સદસ્ય દ્વારા ગાંધીનગર વિકાસ કમિશનરને લેખિતમાં રજુઆત પણ કરી હતી. જેના પગલે વિકાસ કમિશનરના આદેશના પગલે આખરે આ ડિવાઈડર તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે માત્ર પાંચ મહિના પહેલા કોન્ટ્રાક્ટર દ્વારા બનાવેલ ડિવાઈડરમાં મોટો ભ્રષ્ટચાર થયો હોવાની પણ શહેરીજનો ચર્ચા ચાલી રહી છે. ત્યારે એકાએક પાલિકા દ્વારા ગત મોડી રાત્રીએ બુલડોઝર દ્વારા આ ડિવાઈડર તોડી પાડવાની કામગીરી શરૂ કરવામા આવી હતી પાલિકા દ્વારા શરૂ કરાયેલી આ કામગીરીના પગલે આમ આદમી પાર્ટીના સદસ્ય દ્વારા પણ આ બાબતનો વિરોધ દર્શાવાયો હતો અને જણાવ્યું હતું કે પાલિકા દ્વારા આ ડિવાઈડરનું ટેન્ડરિંગ કરી કામ આપવામાં આવ્યું હતું અને તેમાં મોટો ભ્રષ્ટચાર થયો હતો અને આ વાત ગાંધીનગર વિકાસ કમિશનર સુધી પહોચી જતા સમગ્ર બાબત બહાર આવતા પાલિકા દ્વારા તેને તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જોકે આ કામગીરીના પગલે શહેરીજનો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે.

### વિકાસ કમિશનરનો આદેશ...

આ બાબતે પાલિકા ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે કોન્ટ્રેક્ટર દ્વારા ફુવારાથી ગાયત્રી મન્દિર સુધી બનાવેલ ડિવાઈડરનું કામ હલકી ગુણવતાનું હોઈ વિકાસ કમિશનરના આદેશના પગલે આ ડિવાઈડર તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# પ્રાંતિજ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા રામધૂનનો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ શહેર ભાજપ મહિલા મોરચા ની બહેનો દ્વારા રામધૂન બોલાવી દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુષ્ય ની કરાઈ કામના પંજાબ ના ફિરોઝપુર ખાતે સભાને સંબોધન કરવા જઈ રહેલા પીએમ મોદી ના કાફલા ને રોકવામા આવ્યો હતો તેમની સુરક્ષા માં ગંભીર પ્રકાર ની બેદરકારી છતી થઈ છે દેશ ભરમા આ ઘટનાની ભારે નિંદા થઈ રહી છે ત્યારે પ્રાંતિજ શહેર ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા આ ઘટના ને વખોડી વડાપ્રધાન મોદીની સલામતી જળવાઈ રહે અને તેમને ભગવાન દીર્ઘાયુષ્ય અર્પે તેવી પ્રાર્થના સાથે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ પૌરાણિક હનુમાન મંદિરના હોલ મા રામધૂન બોલાવવામા આવી હતી અને ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા આરતી નુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રમુખ મહિલા મોરચાના પ્રમુખ ભગવતીબેન પટેલ, મંત્રી જીજ્ઞા બેન સોની, નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, પદમાબેન રાવલ, રિદ્ધિ બેન ભટ્ટ સહિત પ્રાંતિજ ભાજપ શહેર મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી અને રામધૂન બોલાવી આરતી યોજી દેશના વડાપ્રધાન ના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.



# સંઘ દ્વારા દિનપ્રતિદિન મોંઘી થતી ખેતીને લઈને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડુતોને પડતી વિવિધ મુશ્કેલીઓ માંગણીઓને લઈ ને પ્રાંતિજ મામલતદાર ને આવેદનપત્ર આપ્યુ અને ગુજરાત ના રાજ્યપાલ તથા ભારત ના રાષ્ટ્રપતિ સુધી પોહચાડલા રજુઆત કરવામા આવી. પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા આજે પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઈ ને તેવોની વિવિધ માગણીઓને લઈ ને તથા ખેતી મા પડતી મુશ્કેલીઓ તથા ખેતીમા દિનપ્રતિદિન ખાતર, રાસાયણિક દવાઓ , ડીઝલ, ખેત મજુરી ના અસહ્ય ભાવ વધારાને દિનપ્રતિદિન ખર્ચ વધી રહ્યો છે અને સામે શાકભાજી કે પકવેલ ધ્યાયના ભાવો મળતા ના હોય ખેડૂતો ખેતી છોડી રહ્યા છે અથવા આપઘાત જેવા પગલા ભરવા મજબુર બની જાય છે ત્યારે ખેડૂતો પોતાનુ પરિવાર નુ ગુજરાન પણ ચલાવી શકે અને સ્વાભિમાન થી જીવી શકે તે માટે ની મુશ્કેલીઓ તથા વિવિધ રજુઆતો અને માંગણીઓ સાથે આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ જેમા જમીન રી સર્વે ની ખામીઓ પંચાયત કષાએ નિકાલ કરવા , કુષિ વીજ જોડાણ માં મીટર પ્રથા નાબુદ કરવા અથવા સ્વછિક કરવા , કુષિ વીજ જોડાણ માં ફિક્સ ચાર્જ દુર કરવા વિનંતી , કુષિમાં વપરાતા તમામ ખેત ઓજારોમાંથી જીએસટી દુર કરવા , રાસાયણિક ખાતરો પર થયેલ અસહ્ય તોતિંગ ભાવ વધારો પાછો ખેંચવા , જમીન વારસાઈ માં લીધી લીટીના વારસદારો ને જે લાભ અપાય છે તેની જેમજ આડી લીટી ના વારસદારો ને પણ વારસાઈ નો લાભ મળે વિવિધ રજૂઆતો માગીઓ સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે આવી ને પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગૌરા ને આવેદનપત્ર આપીને રજુઆત કરવામા આવી હતી અને ગુજરાત ના રાજયપાલ તથા દેશ ના રાષ્ટ્રપતિ સુધી આવેદનપત્ર તથા ખેડૂતો ની રજુઆતો પોહચાડવા વિનંતી કરી હતી તો આ પ્રસંગે પ્રમુખ,મંત્રી સહિત ભારતીય કિસાન સંઘ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને આવેદનપત્ર આપ્યુ હતુ.

## પાલનપુરમાં ગેમ રમતી યુવતીને બિહારના યુવક સાથે પ્રેમ થયો

# ....તો પિતરાઈના ઘરમાંથી ૭૦ હજારના દાગીના લઈ ભાગી ગઈ

પાલનપુર તા. ૧૧

પાલનપુર પંથકમાં એક અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે જે મુજબ મોબાઈલની લત અને મોબાઈલ નો મોહ કઈ હદ સુધી આપણને લઈ જાય છે વાત છે બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર શહેર ની શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારના તાજપુરા માં આવેલ એક પરિવારમાં માતા-પિતાનું નિધન થતાં યુવતીને પિતરાઈ ભાઈએ ઉછેરી લગ્ન પણ કરાવ્યા હતા.

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં રહેતી એક યુવતીને પબજી વીડિયો ગેમ રમતી વખતે બિહારના શખ્સ સાથે મિત્રતા થઈ ગઈ હતી. જેને ફોન કરી પાલનપુર બોલાવ્યો હતો. અને પિતરાઈ ભાઈના ઘરમાંથી સોનાના રૂપિયા ૭૦,૦૦૦ના દાગીના ચોરી ફરાર થઈ ગઈ હતી. આ અંગે પિતરાઈ ભાઈએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પાલનપુરમાં આર્દશનગર સોસાયટી, તાજપુરા વિસ્તારમાં રહેતી યુવતીને પબજી વિડિયો ગેમ રમવાની લત લાગી હતી. જે દરમિયાન તેણી બિહારના મધુમની જીલ્લાના ખેડીબાંકા ગામના મહંમદ અરમાન નસીમ શેખના પરિચયમાં આવતાં બંને વચ્ચે પ્રેમ થયો હતો. તેણીએ ફોન કરી અરમાનને પાલનપુર બોલાવ્યો હતો. અને પિતરાઈ ભાઈના ઘરમાંથી તેમની પત્નીના દાગીના રૂ. ૨૦,૦૦૦નું હાથે પહેરવાનું સોનાનું કડુ, રૂ. ૫૦,૦૦૦નો બાજુબંધ મળી કુલ રૂ. ૭૦,૦૦૦ના દાગીના ચોરી ઝેરોક્ષ કઢાવવાનું બ્હાનુ કરી ફરાર થઈ ગઈ હતી. આ અંગે પિતરાઈ ભાઈએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરમાં બબ્બે રેનબસેરા છતાં પણ ભિક્ષુકોનો કડકડતી ઠંડીમાં ફૂટપાથ પર ગુજારો

પાલનપુર તા. ૧૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં ફૂટપાથ પર જીવન ગુજારો કરતા મકાન વિહોણા ભિક્ષુકોને શિયાળાની કડકડતી ઠંડી તેમજ ચોમાસા માં આશ્રય મળી રહે એ માટે શહેરમાં નગર પાલિકા દ્વારા કરોડોના ખર્ચે બબ્બે રેન બસેરા બનાવવા માં આવ્યા છે. પરંતુ પાલિકાના અણઘડ વહીવટને લઈ હાલ શિયાળાની કડકડતી ઠંડીમાં આ બન્ને રેન બસેરા બંધ હોઈ અનેક ભિક્ષુકોને ફૂટપાથ પર જીવન ગુજારો કરવાની ફરજ પડી રહી છે. પાલનપુરમાં શિયાળાની ઠંડી અને ચોમાસાના વરસાદ સામે શહેરના ફૂટપાથ પર જિંદગી વિતાવતા ભિક્ષુકોને આશ્રય આપવા માટે નગરપાલિકા દ્વારા અગાઉ શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં રૂ. ૪૮ લાખના ખર્ચે રેનબસેરા બનાવવામાં આવ્યો હતો. ત્યાં અગાઉ ૧૦ થી ૧૫ ભિક્ષુકોને રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી જોકે શહેરમાં વધતા જતા ભિક્ષુકોના આશ્રય માટે પાલિકા દ્વારા વર્ષ ૨૦૨૦માં નેશનલ અર્બન લાઈવલી હુડમિશન યોજના હેઠળ શહેરના હમીરબાગ વિસ્તારમાં રૂપિયા બે કરોડના માતબર ખર્ચે રેઈન બસેરા નું નિર્માણ કરવામાં આવ્યું હતું અને ત્યાં શાસકોએ પોતાના નામ વાળી તકતી લગાવી મોટા ઉપાડે રેન બસેરાને ખુલ્લું મૂકીને વાહ વાહ મેળવી હતી પરંતુ અહીં ભિક્ષુકો લાવવા લઈ જવા તેમજ તેમને રહેવા જમવા સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં ન આવતા કરોડોના ખર્ચે બનાવેલા રેન બસેરા શોભાના ગાંઠિયા સમાન બની રહેવા પામ્યું છે . આ અતિસંવેદનશીલ સમાચાર અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, જોકે શહેર માં બબ્બે રેન બસેરા હોવા છતાં હાલ શિયાળાની હાડ થ્રિજવી દેતી ઠંડીમાં અનેક ગરીબ ભિક્ષુકોને જ્યાં ત્યાં ફૂટપાથ પર ઉપર આભ અને નીચે ખુલ્લી જમીન પર રાત્રી વિતાવવા ની ફરજ પડી રહી છે જોકે પાલીકા દ્વારા શિયાળામાં ભિક્ષુકોની દરકાર લેવામાં ન આવતા અનેક ભિક્ષુકો ને હાલની કડકડતી ઠંડી ખુલ્લાંમાં ગુજારો કરવાની ફરજ પડી રહી છે. ત્યારે હાલની કાતિલ ઠંડી કોઈ ભિક્ષુકોનો ભોગ લે તે પહેલાં પાલીકા દ્વારા રેમ બસેરા શરૂ કરવામાં આવે તે જરૂરી છે.

# પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે વેક્સિનેશન પ્રમાણપત્ર વગર પ્રવેશ નહી

## કોવિડ રસીકરણ પ્રમાણપત્રના બન્ને ડોઝ વગર કચેરીમા પ્રવેશ આપવાનો બંધ : કોવિડ રસીકરણ પ્રમાણ પત્ર વગર કચેરીમાં પ્રવેશ ના મળતા કેટલાય લોકો સલવાયા : ત્રીજો ડોઝ ચાલુ થયો છતાંય હજુએ કેટલાય લોકો એ વેક્સિનેશનના બે ડોઝ લીધા નથી

પ્રાંતિજ તા ૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા સેવાસદન ખાતે વેક્સિનેશન પ્રમાણ પત્ર વગર પ્રવેશ નહી અપાતા કોરોના ની રસી ના બે ડોઝ ના લીધેલા લોકો મુજવણ મા મુકાયા હતા તો વેકસીન લીધા પછી વેક્સિનેશન નુ પ્રમાણ ના હોય તેવા લોકો પણ આગાપાસા થયા હતા તો તાલુકાના લોકોએ તંત્ર ના આ નિર્ણય ને આવકાર્યો હાલ દેશ સહિત દુનિયા મા કોરોનાની ત્રીજી લહેર ધીરેધીરે સ્પીડ પકડી રહી છે ને હાહાકાર મચાવ્યો છે ત્યારે બીજી બાજુ સરકાર દ્વારા વેક્સિનેશન ના બે ડોઝ બાદ ત્રીજી લહેર ને ધ્યાન મા લઈ ને ત્રીજો બુસ્ટર ડોઝ ચાલુ કર્યો છે ત્યારે હજુએ કેટલાય લોકો કોરોનાની રસી વગર જોવા મળે છે ત્યારે પર્યટન સ્થળોએ અને ધાર્મિક સ્થળો બાદ હવે ત્રીજી લહેર ચાલુ થતા સરકારી કચેરીઓમા પણ વેક્સિનેશન નેશન્સ ના બે ડોઝ ના લીધા હોય તેવા લોકો ને પ્રવેશ મળે અને કોવિડ ની રસી ના બન્ને ડોઝ ના પ્રમાણ પત્ર રજુકર્યા બાદજ કચેરીઓમા પ્રવેશ આપવાના બોર્ડ સાથે પ્રવેશ દ્વાર ઉપર રહેલ પોલીસ હોમગાર્ડસ જવાનો મુકી દેવામા આવ્યા છે તો સરકાર ની જાહેરાતો અને ધરે ધરે વેક્સિનેશન ની કામગારી બાદ પણ રસી ના લીધી હોય તેવા લોકો કચેરી મા આવતા તેવોને પ્રવેશ મળ્યો ન હતો તો કેટલાક લોકો પાસે રસી લીધા બાદ પ્રમાણ પત્ર ના હોય અને ધરે હોય તેવા પ્રમાણ પત્ર રજુ ના કરતા તેવા લોકો ને પણ તાલુકા સેવા સદન ખાતે પ્રવેશ આપવામા આવ્યો નહતો ત્યારે મોબાઈલ મા બે ડોઝ લીધેલ મેસેજ કે પ્રમાણ પત્ર ની નકલ હોય તેવા લોકો ને પ્રવેશ અપાયો હતો ત્યારે તંત્ર ની આ કાર્યવાહી ને લઈ ને તાલુકામાંથી તાલુકા સેવા સદન મા આવતા લોકોએ પણ તંત્ર ની આ કાર્યવાહી સરાહના કરી હતી.




# ડીસા મામલતદાર કચેરી આગળ ખેડૂતોના ધરણાં : સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરાયા

ડીસા, તા. ૧૧

ડીસા મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં મંગળવારે ભારતીય કિસાન સંઘ દ્વારા ધરણાં યોજી સરકાર સામે ભારે રોષ ઠાલવી સૂત્રોચ્ચાર કરી ખેડૂતોના પડતર પ્રશ્નોના નિવારણ માટે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. દેશભરના ખેડૂતોની પડતર માગણીઓને લઈ ને ભારતીય કિસાન સંઘ દ્વારા સરકાર સામે બાયો ચઢાવી છે. ખેડૂતોના પ્રશ્નોના નિકાલ માટે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ જ નિવારણ ન આવતાં ભારતીય કિસાન સંઘના પ્રદેશ પ્રતિનિધિ હીરાજી માળી તેમજ ડીસા તાલુકા પ્રમુખ મોહનલાલ માળીની આગેવાનીમાં મંગળવારે મામલતદાર કચેરી કમ્પાઉન્ડમાં ધરણાં પર બેસી સરકાર વિરૂધ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરાયાં હતાં.



ત્યારબાદ સરકારમાં રી-સર્વેમાં ખેડૂતોને થતી કનડગત તત્કાલ દૂર કરવા અને રી-સર્વે રદ કરો, સમાન સિંચાઈ દર કરવા, જ્યાં સિંચાઈની વ્યવસ્થા નથી ત્યાં સહકાર આધારિત નવી સિંચાઈ વ્યવસ્થા ઉભી કરવી, મીટર પ્રથા નાબૂદ કરવા અથવા સ્વેચ્છિક કરવા, મીટર પરનો ફિક્સ ચાર્જ નાબૂદ કરવો, દાંતીવાડા ડેમ તેમજ સીપુ ડેમમાં નર્મદા કેનાલ દ્વારા પાણી નાખી બનાસ નદીને જીવિત કરવી, ટ્રેક્ટરની ટ્રોલી ખેડૂતોનું આધુનિક ગાડું ગણી આરટીઓમાંથી ટ્રોલીનો ટેક્સ નાબૂદ કરવો, ખેડૂતોને હાલમાં રાસાયણિક ખાતરમાં જે ભાવ વધારો કરેલ છે તે તાત્કાલીક દૂર કરવા સહિતના મુદ્દાને લઈ ડીસા મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.